# ડીસામાં ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## કોંગ્રેસના ૧૦ કાર્યકરોની અટકાયત

ડીસા, તા. ૨૧

ડીસામાં આજરોજ નગરપાલિકા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો માર્ગ અને મકાન તથા પાટનગર યોજના વિભાગના રાજ્યમંત્રી જયદ્રથસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જો કે આ મેળા સ્થળે કોંગ્રેસના કાર્યકરો 'તાયફા બંધ કરો' અને પીડિત પુરગ્રસ્તોને સહાય ચૂકવો'ના સૂત્રો સાથે ધસી આવતા પોલીસે તેમને મુખ્ય ગેટ પાસે જ ૧૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.







ડીસા મુકામે મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને નગરપાલિકા વિસ્તારના યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૯૮૫ લાભાર્થીઓને રૂ. ૧.૦૧ કરોડની સાધન સહાય મંત્રીશ્રી અને મહાનુભાવોના વરદહસ્તે આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વચેટીયાઓને દૂર કરવા તથા ગરીબોને સીધા લાભ આપવા શરૂ કરેલ આ અભિયાનને નોંધપાત્ર સફળતા મળી છે. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ મેળાઓને લીધે ગરીબોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

તેમણે જણાવ્યું કે ગરીબીને કાયમી દેશવટો આપી દેવા સરકાર વિવિધ કલ્યાણકારી ઉદાર યોજનાઓ અમલી બનાવીને વિશાળ પાયે સંગીન પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી એક જ સ્થળે સંખ્યાબંધ લાભાર્થીઓને લાભો આપી શકાય છે. મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે જણાવ્યું હતું કે આપણાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાત ખુબ ઝડપથી વિકાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આ સરકાર સામેથી ગરીબોને આંગણે જઈને મબલખ સહાય આપીને સર્વત્ર સુખાકારીનું નિર્માણ કરવા સક્રિય પ્રયાસો કરે છે તેવું મંત્રી જયદ્રથસિંહજી પરમારે જણાવ્યું હતું.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

## ધનસુરામાં પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

### લાભાર્થીઓને ૧૦૪૬.૭૫ લાખની સાધન સહાયનું વિતરણ

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાનો પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ધનસુરા ખાતે યોજાયો હતો. જેમાં ૯૮૭૩ લાભાર્થીઓને રૂ. ૧૦૪૬.૭૫ લાખની સહાયનું વિતરણ કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભે રાજ્યકક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યુ હતું અને પ્રાસંગોચિત ઉદ્‌બોધન કરી સમાજની મુખ્ય ધારામાં ગરીબોને સમાવવાનું કામ સરકારનો મહામંત્ર છે તેમ જણાવ્યું હતું. આ મેળામાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક, જિલ્લા પંચાય પ્રમુખ નેહાબેન પટેલ, કુબેરભાઈ ડીંડોર, ભરતસિંહ, હિરાજી ડામોર, સુધીરભાઈ, શામળભાઈ વગેરે હાજર રહ્યા હતા.

# બનાસકાંઠાના ધાનેરા ને દિયોદર ખાતે પાટીદાર રેલી યોજાઈ

## અનામત રેલીમાં પાટીદાર સહીત અન્ય સમાજ પણ જોડાયો

ધાનેરા, તા. ૨૧

સમગ્ર રાજ્યમાં અનામત આગ ભભુકી રહી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દિયોદર ખાતે પણ અનામતની આગ જોવા મળી હતી.





બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દિયોદર ખાતે આજે સવારે ૧૦ વાગે પાટીદાર સમાજ અને અન્ય વિવિધ સમાજના લોકોએ ભેગા મળી એક રેલીનું આયોજન કર્યુ હતું અને તેમના હક માટે વિવિધ સૂત્રોચાર પણ કર્યા હતા. ધાનેરા અંબાજી મંદિરથી નીકળેલી આ વિશાળ રેલી ધાનેરાના લાલ ચોક ખાતે આવી સભા સંબોધી હતી અને તે બાદ ધાનેરા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપી પોતાના હકની માંગણી કરી જણાવ્યું હતું કે દરેક સમાજમાં જે લોકોને અન્યાય થયો છે તેવા સમગ્ર લોકો આ અનામતની આગમાં જોડાયા હતા. જે જ્યાં સુધી તેમને પોતાનો હક ન મળે ત્યાં સુધી આ લડાઈ ચાલુ રાખવાનું જણાવ્યું હતું અને આ લડાઈ બાદ પણ સરકારે જુકાવુ પડશે કારણ કે સરકાર પણ જનતાની જ બનેલી છે. જ્યાં સુધી આ લોકોને અનામત નિ મળે ત્યાં સુધી આ લડાઈ અટકવાની નથી.

# થાવર આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરની તાનાશાહી

## આવરલોડ અને ટેક્ષ ચોરીના વાહનોને રોકવામાં આર.ટી.ઓ.ને રસ નથી : ધાનેરાથી ગામડે જતા બાઈક ચાલકો પાસેથી ૧૦૦ થી લઈને ૫૦૦ રૂપિયા સુધીનો દંડ વસુલ કર્યો

પાલનપુર, તા. ૨૧

ઓવરલોડ વાહનો બે રોકટોક પસાર થઈ રહ્યા છે ત્યારે આર.ટી. ઓ. ઈન્સ્પેક્ટર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે અને નાના વાહનોને દંડ ફટકારી રોફ જમાવી રહ્યા છે. થાવર આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર જુઓ અમારા આ રીપોર્ટમાં.

થાવર આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વાહન ચેકિંગના બદલે સામાન્ય બાઈચાલકોને રોકી દંડ કરી આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરે બાઈક ચાલકોને દંડ્યા હતા અને બાઈક ચાલકો પાસેથી ૧૦૦ થી લઈને ૫૦૦ રૂપિયા સુધીનો દંડ વસુલ કર્યો હતો. હવે જો વાત કરવામાં આવે ધાનેરાના થાવર આર.ટી.ઓ. ચેક પોસ્ટની તો આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરની રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ ઓવરલોડ અને ટેક્ષની ચોરી કરી ટ્રકો પસાર થઈ રહી છે. તેની સામે કાર્યવાહી કરવાના બદલે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરની રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ ઓવરલોડ અને ટેક્ષની ચોરી કરી ટ્રકો પસાર થઈ રહી છે. તેની સામે કાર્યવાહી કરવાના બદલે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર દ્વારા આવા ટ્રકચાલકોને છાવરવામાં આવે છે અને સામાન્ય બાઈકચાલકોને રોકી તેમની પાસેથી દંડ વસુલ કરવામાં આવે છે ત્યારે આ બાબતે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરને પુછતા તેમને કેમેરા સામે કંઈજ કહેવાનો ઈનકાર કરી દીધો હતો અને પોતાની ઓળખ છતી ન થાય તે માટે પોતાની નેમ પ્લેટ પણ સંતાડી દીધી હતી.



**(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

# માલપુર પૂર્વ ઈન્ચાર્જ સરપંચના આમરણાંત ઉપવાસનો સુખદ અંત

અરવલ્લી જિલ્લાના માલપુર ગ્રામ પંચાયતના પૂર્વ ઈન્ચાર્જ માલપુર ગ્રામ પંચાયત દ્વારા આદરેલ ભ્રષ્ટાચાર અને પંચાયત દ્વારા દબાણકારો સામેની નબળી કામગીરી અંગે વારંવાર ઉચ્ચકક્ષાએ અને સ્વાગત ઓનલાઈન દ્વારા રજુઆત કરાતા યોગ્ય પરિણામ ન મળતા માલપુર ગ્રામ પંચાયતના પૂર્વ ઈન્ચાર્જ સરપંચ ૧૫મી ઓગષ્ટે અરવલ્લી જિલ્લા પંચાયત આગળ આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા.

ઉપવાસથી પૂર્વ ઈન્ચાર્જ સરપંચની તબીયત લથડવા છતાં ટસના મસ ન થતાં અરવલ્લી જિલ્લા પંચાયતના હોદ્દેદારો અને વહીવટીતંત્રએ તેમના દ્વારા કરાયેલી અરજીની યોગ્ય ન્યાય કરવાની સાથે માલપુર ગ્રામ પંચાયતના તલાટીકમ મંત્રી ડી.એન. સોનીની બદલી કરી અન્યત્ર ખસેડાતા અને યોગ્ય કાર્યવાહીની હૈયાધારણા આપતા પૂર્વ ઈન્ચાર્જ સરપંચના અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, કારોબારી અધ્યક્ષ જયંતીભાઈ પટેલ અને વિરોધપક્ષના નેતા દ્વારા પારણા કરાવાતા આમરણાંત ઉપવાસનો સુખદ અંત આવ્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

# ડીસાની સરગમ સોસાયટીમાં કિશોરની અગમ્ય કારણોસર આત્મહત્યા

ડીસા, તા. ૨૧

ડીસામાં આવેલી સરગમ સોસાયટીમાં એક શિક્ષિત પરિવારના એકના એક પુત્રે અગમ્ય કારણોસર ઘરમાં પંખા સાથે લટકી આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. જ્યારે આ મામલે ડીસા ઉત્તર પોલીસે તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત જોઈએ તો સરગમ સોસાયટીમાં રહેતા એક શિક્ષિત પરિવારના અને આદર્શ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ના એક વિદ્યાર્થીએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાની ઘટના પ્રકાશમાં આવતા અરેરાટી ફેલાઈ છે. માનસિક તાણ અને ડિફ્રેશનથી ફેલાતી હતાશા વ્યક્તિને આત્મહત્યા તરફ દોરી જાય છે. જો કે ચિંતાજનક બાબત એ છે કે આ હતાશાના મોટાભાગે કુમળી વયના કિશોર-કિશોરી ભોગ બનતા હોય છે ત્યારે બનાસકાંઠાના ડીસામાં આવા જ એક કિસ્સામાં ધોરણ૧૦માં અભ્યાસ કરતા એક કિશોરે પોતાના પરિવારજનોની ગેરહાજરીમાં અગમ્ય કારણોસર પંખા સાથે ફાંસો લગાવી પોતાનું જીવન ટુંકાવવાની ઘટના પ્રકાશમાં આવેલી છે.

ડીસાની સરગમ સોસાયટીમાં રહેતા જયંતીભાઈ પટેલને સંતાનોમાં એક દીકરી અને એક દીકરો હતા. જેમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ઋત્વિકે આજરોજ બપોરના સમયે જ્યારે પરિવારના સભ્યો કામકાજ અર્થે બહાર હતા ત્યારે પોતાના રૂમમાં આવેલા પંખા સાથે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ આત્મહત્યાની કારણ જાણવા મળ્યું નથી. જો કે આ ઘટનાની જાણ થતા તેના પિતા અને માતા ઘેર દોડી આવ્યા હતા અને કલ્પાંત કરતા સમગ્ર પંથકમાં શોક છવાયો હતો. આ આત્મહત્યામાં રાહત અને મદદ માટે પહોંચેલા સેવાભાવી મનુભાઈ આશ્નાનીએ મૃતકની પંખા સાથે લટકતા મૃતદેહ નીચે ઉતાર્યો હતો. આ મામલે ડીસા ઉત્તર પોલીસે તપાસ હાથ ધરી છે.

# શામળાજી ઓવરબ્રીજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે કારચાલકનું મોત

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા સર્વોદય આશ્રય ચાર રસ્તા પરથી પસાર થતા ઓવરબ્રીજ ઉપર બુધવારે રાત્રે ૨ વાગ્યાના આસપાસ શામળાજીથી અમદાવાદ જઈ રહેલ મારૂતિકારને અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં કારના ફૂરચેફૂરચા નીકળી ગયા હતા. જેમાં કારચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. શામળાજી પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજાવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજીના સર્વોદય આશ્રમ નજીક રાજસ્થાન તરફથી અમદાવાદ જઈ રહેલા શંકરભાઈ પટેલની કારને (ગાડી નં. જીજે૧૨એઈ.૭૦૦૮)ને ચાર રસ્તા ઉપરના ઓવરબ્રિજ ઉપર કોઈક અજાણ્યા વાહન સાથે મારૂતિ કાર ધડાકાભેર અથડાઈ હતી. જેમાં કારચાલક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અજાણ્યો વાહનચાલક અકસ્માત કરી ભાગી છુટ્યો હતો. અકસ્માતના પગલે શામળાજી પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતક યુવાનને ગાડીમાંથી બહાર કાઢી પી.એમ. માટે શામળાજી રેફરેલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. શામળાજી પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુનો નોંધી શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે ફરાર વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# ધાનેરાની આંગણવાડીઓના ભુલકાં સાથે ખિલવાડ : તંત્રનું ભેદી મૌન

ધાનેરા, તા. ૨૧

ધાનેરા તાલુકામાં આવેલ મોટાભાગની આંગણવાડીઓમાં રમતા-ખેલતા ખિલખિલાટ કરતા ભુલકાઓ સાથે સંચાલિકા અને કામગીરી સંભાળતા કર્મચારીઓ ખિલવાડ કરી રહ્યા છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે કરોડો રૂપિયાની ગ્રાંટ દેશના આવતીકાલના ભાવિ સમાન ભુલકાઓ માટે ફાળવવામાં આવી છે. ત્યારે ધાનેરામાં આંગણવાડીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતાના ઘરની પેઢી સમજતા હોય તેમ મનફાવે તેમ આંગણવાડીમાં આવે છે અને જાય છે.

આંગણવાડીના સંચાલકો ઉપર દેખરેખ રાખવા માટે સુપરવાઈઝરો મુકવામાં આવ્યા છે. તેમ છતાં તેઓ મનમાની કરી રહ્યા છે અને સમયની પાબંધી વગર અપડાઉન કરતા આવતા-જતા હોવાથી ઉપરથી નીચે સુધીનું તંત્ર ખાડે ગયું છે. ત્યારે આ સમગ્ર મામલે કલેક્ટર કક્ષાએથી જવાબદાર અધિકારી-કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તે ઈચ્છનીય છે.



(જય અમીન, મોડાસા)

# રાજેન્દ્રનગરના કૂવામાં પડેલા ૧૦ ફૂટના અજગરને બચાવી જંગલમાં આઝાદ કરાયો

અરવલ્લીની ગિરીમાળાઓ અને વનરાજી ધરાવતા વિસ્તારમાં આવેલું છે. આડા જંગલો નજીક હોવાથી વન્યપ્રાણીઓ મોટા પ્રમાણમાં આ જંગલોમાં વિહાર કરતા હોય છે. રાજેન્દ્રનગર ગામની સીમમાં આવેલા એક કૂવામાં અજગર જોવા મળતા ૧૦ ફૂટના અજગરને ગામના યુવાનો અને વનવિભાગની ટીમ દ્વારા સલામત બહાર કાઢીને જંગલમાં છોડી મુક્યો હતો. સીમાડામાં અજગર હોવાની જાણ થતાં ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા.

# બોલુન્દ્રા સંસ્કૃત વૈદિક પાઠશાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો સંસ્કૃતમાં યોજાયા હતા.અગ્નિહોત્રી શુકદેવપ્રસાદજી વ્યાસના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાયું હતું.શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા,ટ્રસ્ટી આત્રેયભાઈ વ્યાસ,બોલુન્દ્રાના ગ્રામજનો,અગ્રણીઓ,સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસ ડેરી દ્વારા જિલ્લા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ ડાવસ ખાતે યોજાયો

બનાસ ડેરી દ્વારા બનાસકાંઠાની ધરતીને નવપલ્લવિત કરી નંદનવન સમી બનાવવા માટે ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના સહયોગથી છેલ્લા આઠ વર્ષથી સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ તમામ દૂધ મંડળીમાં યોજવામાં આવે છે. આ વર્ષે જિલ્લા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ ડીસા તાલુકાની ડાવસ દૂધ મંડળી ખાતે કરવામાં આવ્યો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનગરની જન્મજયંતિ નિમિત્તે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ફ્રુટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. ડી. એમ. દવેએ દર્દીઓની મુલાકાત લેવડાવી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, પ્રદેશ મંત્રી અરુણભાઈ પટેલ, શહેર પ્રમુખ ઈકબાલભાઈ ઈપ્રોલીયા, કાદરઅલી સૈયદ, રાજાબાબુ, જિલ્લા એન.એસ.વી.આઈ. પ્રમુખ દર્શન ચૌધરી, આનંદ પરમાર સહિત યુવા અને એન.એસ.યુ.આઈ.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝાના બ્રાહ્મણવાડા ગામે બંધ મકાનમાંથી ૪ લાખની મત્તાની ચોરી તસ્કરો પલાયન

ઊંઝા, તા. ૨૧

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે ગણપતપરામાં આવેલ એક મકાનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો તિજોરી તોડી અંદરની સોના ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ ૪,૧૩,૩૦૦ની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં ગ્રામજનોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે, બ્રાહ્મણવાડા ગામે ગણપતપરામાં રહેતા પરસોત્તમભાઈ મફતલાલ પટેલ રાતના સમયે ભોજન કરીને બહાર સુઈ ગયા હતા. ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ તેમના મકાનને નિશાન નબાવી મકાનના પાછળના દરવાજાની પટ્ટીઓ તોડી દરવાજો ખોલી નાંખી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરી તોડી અંદરથી સોનાચાંદીના વિવિધ દાગીનાઓ, એકાવન હજાર રૂપિયાની રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન મળી કુલ ૪,૧૩,૩૦૦ની કિંમતના મુદ્દામાલની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. બ્રાહ્મણવાડા ગામે મકાનમાં મોટી રકમના મુદ્દામાલની ઘરફોડ ચોરીનો બનાવ બનતા લોકોમાં ભારે સનસનાટી સાથે ભયની લાગણી ફેલાઈ હતી.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી એફ.એસ.એલ. અને ડૉગસ્કવોર્ડની મદદથી વધુ તપાસ હાથ ધરી છે. આ સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસને તસ્કોરનું કોઈ જ પગેરૂ મળ્યું હતું.



ડીસાથી સુંધામાતા પગપાળા સંઘ ગુરૂવારના રોજ વહેલી સવારે માતાજીનાં રથ સાથે વાજતે-ગાજતે રવાના થયો હતો. આ પગપાળા સંઘમાં ૧૦૦ થી વધુ માઈ-ભકતોએ ભાગ લીધો હતો. શ્રાવણ માસની શરૂઆત થતાં જ ધાર્મિક કાર્યક્રમો યોજાવવાની શરૂઆત થઈ ગઈ છે. પ્રવિત્ર શ્રાવણ માસમાં લોકો ભોલેનાથની ભકિતની સાથે સાથે અનેક ધર્મના કાર્યો કરે છે. ત્યારે ડીસામાં સ્વ. ગંગુરામભાઈ રામગોપાલજી ઠક્કર તથા સમસ્ત ભાટી પરિવાર દ્વારા ડીસાથી સુંધામાતા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંઘ વાજતે-ગાજતે તા. ૨૦/૮/ થી નિકળી તા. ૨૩/૮/૨૦૧૫ રોજ સુંધામાતા પહોંચી દર્શન કરશે. આ પગપાળા સંઘમાં ભાનુભાઈ ગંગુરામજી ઠક્કરના પરિવાર સહિત તેરમીનાળા લાલચાલી સહિત આસપાસના લોકો પણ જોડાયા હતા. આ પગપાળા સંઘમાં ૧૦૦થી વધુ ભકતો જોડાયા હતા.

**(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)**